# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎ :૦૭૯: ૨૩૨૫૪૩૭૭ નિયામક
૨૩૨૫૪૯૮૪ સંયુક્ત નિયામક
૨૩૨૫૪૫૦૯ રહસ્ય સચિવ
૨૩૨૫૯૭૬૦ ફેક્સ
૫૨૦૪૬ GSWAN
e-mail Address : jtdiradm-dat@gujarat.gov.in

"વીમા અને લેખા ભવન"
બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,
સેક્ટર-૧૦/બી, એન.એલ.એ.ક્વાર્ટર સામે,
ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : ૧૭-૪-૨૦૦૭

નંબર : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/અધિકારપત્ર/૩૩૪૯ થી ૩૩૭૪

વિષય:-- પગાર અને હિસાબી અધિકારીઓની કચેરી તથા જિલ્લા તિજોરી કચેરીઓમાંથી નાણાં વિભાગ ના અધિકારપત્ર સિવાય ચૂકવણાં કરવાની પ્રથામાં છુટાછાટ આપવા બાબત.

:: પ રિ પ ત્ર - ૧૦/૨૦૦૭ ::-

રાજ્યની સાધનોપાય સ્થિતિનું યોગ્ય વ્યવસ્થાપન તેમજ તેની તરલતા જળવાઈ રહે તે હેતુ માટે મંજૂર થયેલ ગ્રાન્ટના નાણાંના ઉપાડ ઉપર જરૂરી અંકુશ રાખવાના હેતુથી નાણાં વિભાગ પાસેથી અધિકારપત્ર/ઓથોરીટી લેટર મેળવવાની પ્રથા હાલ અમલમાં છે. અને તે મુજબ રાજ્ય સરકારની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર રૂા.૧/- લાખ સુધીના આયોજન/આયોજન બહારની ગ્રાન્ટના બીલોના ચૂકવણાં કરી શકાય છે, પરંતુ તેનાથી ઉપરની રકમ માટે નાણા વિભાગના અધિકારપત્રની આવશ્યકતા રહે છે.

આ બાબતે ૨૦૦૬-૨૦૦૭ના નાણાંકીય વર્ષ દરમ્યાન વખતોવખત આપવામાં આવેલ તમામ સૂચનાઓ જે તે વખતની પરિસ્થિતિ ધ્યાને લઈ આપવામાં આવેલ. હવે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન નાણા વિભાગના તા.૯-૩-૦૪ના પરિપત્રમાં દર્શાવેલ ૨૩ હેતુઓ માટે (સામેલ પત્રક મુજબ) તથા નાણા વિભાગના તા.૨૭-૯-૦૬ના પરિપત્રથી દર્શાવેલ ૪ હેતુઓ (સામેલ પત્રક મુજબ) સિવાયના રૂા.૧/- લાખથી ઉપરના તમામ ચૂકવણી માટે નાણા વિભાગના અધિકારપત્ર / મંજૂરી મળ્યા બાદ ચૂકવણી કરવાની રહે છે. આ બાબતની સંબંધકર્તાઓએ નોંધ લેવી. (પંચાયત, માર્ગ અને મકાન વિભાગ, ઈરીગેશન તથા ફોરેસ્ટ વિભાગએ ૧૨માં નાણાપંચ અંગેની ચૂકવણી પણ નાણા વિભાગની મંજૂરી મેળવ્યા બાદ કરવાની રહેશે.)

બિડાણ:- ઉપર મુજબ.

નિયામક.

પ્રતિ,
(૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
(૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, (તમામ).

*નકલ સવિનય રવાના પ્રતિ:-*
(૧) પી.એસ. ટુ સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.
(૨) પી.એસ. ટુ સંયુક્ત સચિવશ્રી(બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.
(૩) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, સિંચાઈ, પાણી પુરવઠા અને નર્મદા વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, સિંચાઈ/(પંચાયત વિભાગ) સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા સબંધકર્તાને ઘટીત સુચના અપાઈ જવા વિનંતી સહ.
(૬) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

## નાણા વિભાગના તા.૬-૩-૦૪ના પરિપત્રમાં દર્શાવેલ હેતુઓ માટેની યાદી.

૧. પગાર / ભથ્થા અને નિવૃત્તિના લાભો જેવા કે નિવૃત્તિ સમયે એલ.ટી.સી. / લીવ એન્કેશમેન્ટ વિગેરે.
૨. વિધવા સહાય / વૃધ્ધ નિરાધાર માટેની સહાયની યોજનાઓ.
૩. અછતના બીલો.
૪. હૉસ્પિટલના ડાયટ ચાર્જીસના બીલો.
૫. સ્કોલરશીપ / સ્ટાઈપેન્ડના બીલો.
૬. માછીમારોના ડીઝલ વેચાણવેરા રાહતના બીલો.
૭. ટેલીફોન બીલ / લાઈટ બીલ.
૮. પેટ્રોલ / ડીઝલ બીલ.
૯. કચેરી ખર્ચમાં પોસ્ટલ સ્ટેમ્પના બીલો.
૧૦. મધ્યાહન ભોજન યોજના અંતર્ગત થતા ખર્ચના બીલો.
૧૧. એમ.એલ.એ. / એમ.પી.ના ગ્રાન્ટના ડીપોઝીટરી કામોના બીલો.
૧૨. ચૂંટણી ખર્ચના બીલો.
૧૩. જી.પી.એફ. પેશગી / ઉપાડના બીલો.
૧૪. ટી.એ. / એલ.ટી.સી. પેશગીના બીલો.
૧૫. મકાન બાંધકામ પેશગી / સ્કૂટર / વાહન પેશગીના બીલો.
૧૬. તબીબી સારવાર માટેની પેશગીઓ / તબીબી સારવારના ખર્ચના બીલો.
૧૭. એન.સી.સી. કેમ્પ / હોમગાર્ડ કેમ્પ તથા શિક્ષકો માટેના તાલીમ વર્ગો તેમજ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ ધ્વારા યોજવામાં આવતાં શિબિરો / તાલીમ વર્ગો / કેમ્પના એડવાન્સ બીલો.
૧૮. પોલીસ ખાતાના સ્ટાફના રજા પગારના બીલો.
૧૯. એકેડેમોના લોકફાળાના ડીપોઝીટ સદરના બીલો.
૨૦. પછાત વર્ગ કલ્યાણ ખાતા ધ્વારા અત્યાચારના કિસ્સામાં મૃત્યુ સહાય.
૨૧. રાજય સરકારના જુદા જુદા વિભાગો ધ્વારા અમલમાં મૂકવામાં આવતી જુથ વીમાના પ્રીમીયમ / વીમાના કલેઈમની રકમ.
૨૨. જમીન સંપાદન વળતર તેમજ અન્ય ડીક્રીટલ ચૂકવણીના બીલો.
૨૩. આઈ.સી.ડી.એસ.ના બીલો.

## નાણા વિભાગના તા.૨૭-૯-૦૬ના પરિપત્રમાં દર્શાવેલ હેતુઓ માટેની યાદી.

૧. આશ્રમશાળાના અને છાત્રાલયના બાળકોના ભોજન બીલો.
૨. આકસ્મિક નિધિમાંથી મંજૂર કરાયેલ બિનમતપાત્ર પેશગીઓના બીલો.
૩. બારમાં નાણાપંચના સંબંધિત ગ્રાન્ટ ઈન એઈડ બીલો.
૪. કુદરતી આફત અંગેની રાહતના બીલ.